[illegible]

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

માગશર


પુસ્તક ૭૬ મું
અંક ૨
૧૦ મી ડીસેમ્બર

વીર સં. ૨૪૮૬
વિ. સં. ૨૦૧૬
ઈ. સ. ૧૯૫૯


जम्मं दुक्खं जरा दुक्खं,
रोगाणि मरणाणि य ।
अहो दुक्खो हु संसारो,
जत्थ कीसन्ति जन्तवो ॥

પહેલું તો જન્મ ધરવો એ જ દુઃખ છે, પછી એની પાછળ ઘડપણ આવે એય દુઃખ છે, રોગો થવા એય દુઃખ છે અને વારેવારે મર્યા કરવું એ તો ભારે દુઃખ છે. અરે! આ આખો ય સંસાર એ રીતે દુઃખરૂપ છે કે જ્યાં અજ્ઞાની જીવડા હાથે કરીને ક્લેશ પામ્યા જ કરે છે.

दाराणि य सुया चेव,
मित्ता य तह बन्धवा ।
जीवन्तमणुजीवन्ति,
मयं नाणुव्वयन्ति य ॥

સ્ત્રીઓ, પુત્રો, મિત્રો અને બંધુજનો એ બધાં જીવતાનાં જ સગાં છે, મર્યા પછી કોઈ એ પાછળ ચાલતું નથી–સાથે આવતું નથી.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૭૬ મું : : વાર્ષિક લવાજમ રૂ-૪-૦ પોસ્ટેજ સહિત

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | સ્તોત્રકોશિકા .... .... | ( પં. શ્રી ધુરંધરવિજયજી ગણિ ) | ૧૭ |
| ૨ | મહાદાની મમ્મણ શેઠ .... | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૧૮ |
| ૩ | ऐन्द्रस्तुति चतुर्विंशतिका : सानुवाद श्री चंद्रप्रभजिनस्तुति | ( મુનિરાજ શ્રી હેમચંદ્રવિજયજી ) | ૧૯ |
| ૪ | શ્રી નમસ્કાર મહામંત્ર મૌક્તિકમાળા | ( પં. શ્રી સુશીલવિજયજી ગણિ ) | ૨૦ |
| ૫ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ઉપમાઓ .... | ( મુનિરાજશ્રી મૃગેન્દ્ર મુનિ ) | ૨૨ |
| ૬ | તીર્થંકરની વિભૂતિ: અતિશયો અને પ્રાતિહાર્યો | ( શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા ) | ૨૫ |
| ૭ | શ્રી પ્રશ્નોત્તર સાર્ધશતક-સાર્થ: ૨૬ | ( આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ ) | ૨૮ |
| ૮ | હાલિકલા .... .... | ( શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર " ) | ૩૦ |
| ૯ | ચેતા શકે તો ચેતી લે ચેતન .... | ( શ્રી હીરાચંદ સ્વરૂપચંદ ) | ૩૨ |
| ૧૦ | પુસ્તકોની પહોંચ .... .... .... .... | ટાઈટલ પેજ | ૩ |


### નવા સભાસદો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ગંભીરદાસ જીવરાજ શાહ | લાઈફ મેમ્બર | ભાવનગર |
| ૨. | શ્રી પ્રવીણચંદ્ર ફુલચંદ શાહ | ,, | મુંબઈ |
| ૩. | શ્રી પ્રમોદરાય વીરચંદ શાહ | ,, | ,, |

### સંયુક્ત અંક

સને ૧૯૬૦ માં "શ્રી જૈન ધર્મ પ્રકાશ"ની પ્રસિદ્ધિ તારીખ પચીશમી નિર્ણીત થઈને આવવાથી હવે પછીનો પોષ તથા માહ માસનો સંયુક્ત અંક તા. ૨૫ મી જાન્યુઆરી ૧૯૬૦ સં. ૨૦૧૬ના પોષ વદ ૧૨ ને સોમવારના રોજ પ્રસિદ્ધ થશે.

## "શ્રી જૈનધર્મ પ્રકાશ"ના ગ્રાહક બંધુઓને

કાર્તિક માસના અંકમાં આપેલી સૂચના પ્રમાણે જે જે ગ્રાહક બંધુઓના લવાજમ આવી ગયા છે, તેમને શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" લિખિત "નૂતન શત્રુંજયોદ્ધાર"નું ભેટ પુસ્તક મોકલી આપવામાં આવેલ છે.

સં. ૨૦૧૫-૨૦૧૬ બે વર્ષના લવાજમના રૂા. ૬-૮-૦ તથા બુક-પોસ્ટના ૦-૩-૦ મળી કુલ રૂા. ૬-૧૧-૦ મનીઓર્ડરથી મોકલનારને ભેટ બુક મોકલી આપવામાં આવશે.

તા. ૨૦ મી ડીસેમ્બર સુધીમાં જે જે ગ્રાહક બંધુઓના લવાજમો નહીં આવે તેમને વી. પી. ચાર્જના ૦-૮-૦ વધુ મળી કુલ રૂા. ૭-૩-૦નું વી. પી. કરવામાં આવશે, જે સ્વીકારી લેવા વિનંતિ છે.

આઠ આનાનો વધારાનો ખોટો ખર્ચ ન સહન કરવો પડે તે માટે લવાજમની રકમ મનીઓર્ડર દ્વારા મોકલવી હિતાવહ છે.

ગ્રાહક બંધુઓને નમ્ર વિજ્ઞપ્તિ છે કે જે રીતે સહકાર આપી જ્ઞાનપ્રચારને ઉત્તેજન આપી રહ્યા છો તે રીતે સહકાર આપી આભારી કરશો. લક્ષદોષથી કે શરતચૂકથી વી. પી. પાછું ન ફરે તે ખ્યાલમાં રાખવા વિજ્ઞપ્તિ છે, કારણ કે તેથી જ્ઞાનખાતાને નુકશાન થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| પુસ્તક ૭૬ મું<br>અંક ૨ જો | માગશર | વીર સં. ૨૪૮૬<br>વિ. સં. ૨૦૧૬ |
|---|---|---|

# सतीसूक्तषोडशिका

## १५. प्रभावती

या राजसुता यां काञ्चनकायां कामयते न यया दहितं वय आत्महितम्,
न द्रुह्यति यस्यै जनसर्वस्यै, जनता यस्या दूरयितं दुर्गतदुरितम् ।
वरदृष्टिर्यस्या वरदवयस्या यस्याममितगुणाख्यानं शिवसोपानम्,
वीरार्चनपूता देवीभूता भूयतये बोधिं ददती सा प्रभावती ॥ १५ ॥

## १६. पद्मावती

करकोमलपद्मा लोचनपद्मा पदपङ्कजरेखितपद्मा हृदये पद्मा,
सौरभजितपद्मा निहतविपद्मा-रंजयिनी विलसत्पद्मा सद्मनि पद्मा ।
परमप्रतिपद्मा धृतसंपद्मा-यातमसामुक्ता पद्मासनसृतपद्मा,
नतजिनपदपद्मा सन्निधिपद्मा निजयाऽभिधया श्रीपद्माऽलङ्कृतपद्मा ॥ १६ ॥

( क्रमशः )

—પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ह्रीँ अर्हँ नमः ॥

# શ્રી નમસ્કાર મહામંત્ર–મૌક્તિકમાલા

લેખક : પૂ. પંન્યાસજી શ્રી સુશીલવિજયજી ગણિવર્ય

શ્રી નવકાર–મહામંત્ર

नमो अरिहंताणं ॥ १ ॥
नमो सिद्धाणं ॥ २ ॥
नमो आयरियाणं ॥ ३ ॥
नमो उवज्झायाणं ॥ ४ ॥
नमो लोए सव्व–साहूणं ॥ ५ ॥
एसो पंच–नमुक्कारो ॥ ६ ॥
सव्व–पाव–प्पणासणो ॥ ७ ॥
मंगलाणं च सव्वेसिं ॥ ८ ॥
पढमं हवइ मंगलं ॥ ९ ॥

[ संस्कृत–छाया–नमोऽर्हद्भ्यः ॥ १ ॥ नमः सिद्धेभ्यः ॥ २ ॥ नम आचार्येभ्यः ॥ ३ ॥ नम उपाध्यायेभ्यः ॥ ४ ॥ नमो लोके सर्व–साधुभ्यः ॥ ५ ॥ एष पञ्च–नमस्कारः ॥ ६ ॥ सर्व–पाप–प्रणाशनः ॥ ७ ॥ मङ्गलानां च सर्वेषां ॥ ८ ॥ प्रथमं भवति मङ्गलम् ॥ ९ ॥ ]

અર્થ—'૧–(બાર ગુણે કરી સમલંકૃત શ્રી–) **અર્હત્–અરિહંત ભગવંતોને** નમસ્કાર થાઓ. ૨–(આઠ ગુણે કરી સમલંકૃત શ્રી–) **સિદ્ધ ભગવંતોને** નમસ્કાર થાઓ. ૩–(છત્રીશ ગુણે કરી સમલંકૃત શ્રી–) **આચાર્ય મહારાજાઓને** નમસ્કાર થાઓ. ૪–(પચીશ ગુણે કરી સમલંકૃત શ્રી–) **ઉપાધ્યાય મહારાજાઓને** નમસ્કાર થાઓ. ૫–(સત્તાવીશ ગુણે કરી સમલંકૃત અઢી દ્વીપમાંના શ્રી–) **સર્વ સાધુમહારાજાઓને** નમસ્કાર થાઓ.

આ પાંચ–નમસ્કારો સર્વ પાપોનો વિનાશ કરનાર છે અને (વિશ્વના) સકલમંગળોમાં મુખ્ય મંગળરૂપ છે.

જગતભરના પર્વતોમાં જેમ મેરુપર્વત, વૃક્ષોમાં જેમ કલ્પવૃક્ષ, તીર્થોમાં જેમ શત્રુંજયતીર્થ, તારાઓમાં જેમ ચંદ્રમા, વનોમાં જેમ નન્દનવન, નદીઓમાં જેમ સુરનદી–ગંગાનદી, સમુદ્રોમાં જેમ સ્વયંભૂરમણ સમુદ્ર, ફૂલોમાં જેમ અરવિંદ (કમલ), પંખીઓમાં જેમ ગરુડપંખી, પશુઓમાં જેમ કેશરીસિંહ, સુભટોમાં જેમ શ્રીરમણ–વાસુદેવ, રૂપવાનમાં જેમ અનંગ કામદેવ, સર્પોમાં જેમ શેષનાગ, ઔષધિઓમાં જેમ સુધા–અમૃત, વ્રતોમાં જેમ બ્રહ્મચર્યવ્રત, દાનોમાં જેમ અભયદાન, રાજાઓમાં જેમ રઘુનંદન–રામચંદ્રજી, રત્નોમાં જેમ વજ્રરત્ન–હીરો, શબ્દોમાં જેમ આષાઢી મેઘની ગર્જના, સુગન્ધોમાં જેમ ચન્દનસુગન્ધ, સત્યવાદીઓમાં જેમ યુધિષ્ઠિર, ધર્મોમાં જેમ દયા–અહિંસાધર્મ, દેવોમાં જેમ ઇન્દ્ર અને દેવાધિદેવોમાં જેમ જિનેશ્વરદેવ મહાન્ છે; તેમ દુનિયાના નિખિલ મંત્રોમાં આ **'શ્રી નમસ્કાર–નવકાર'** એ પણ મહાન્ મંત્ર છે.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે **'પંચ–પરમેષ્ઠિ–ગીતા'** માં શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા વર્ણવતાં કહ્યું છે કે–

**ચાલિ–**

ગિરિમાંહિ જિમ સુરગિરિ,
તરુમાંહિ જિમ સુરસાલ,
સાર સુગંધમાં ચંદન,
નંદનવનમાં વિશાલ;
મૃગમાં મૃગપતિ ખગપતિ,
ખગમાં તારાચંદ્ર,
ગંગ નદીમાં અનંગ,
સરૂપમાં દેવમાં ઇન્દ્ર. (૯)

**દુહા**

જિમ સ્વયંભૂરમણ ઉદધિમાંહિ,
શ્રી રમણ જિમ સકલ સુભટમાંહિ,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિમ અધિક નાગમાંહિ નાગરાજ,
શબ્દમાં જલદ ગંભીર ગાજ. (૧૦)

ચાલિ-

રસમાંહિ જિમ ઈક્ષુરસ,
ફૂલમાં જેમ અરવિંદ,
ઔષધમાંહિ સુધા વસુધા-ધવમાં રઘુનંદ;
સત્યવાદિમાં યુધિષ્ઠિર, ધીરમાં ધ્રુવ અવિકંપ,
મંગલમાંહિ જેમ ધર્મ, પરિચ્છદ સુખમાં સંપ. (૧૧)

દુહા-

ધર્મમાંહિ દયાધર્મ મોટો,
બ્રહ્મવ્રતમાંહિ વજ્જર - કછોટો;
દાનમાંહિ અભયદાન રૂડું,
તપમાંહિ જે કહેવું ન કૂડું. (૧૨)

ચાલિ-

રતનમાંહિ સારો હીરો, નીરોગી નરમાંહિ,
શીતલમાંહિ ઉસીરો, ધીરો વ્રતધરમાંહિ;
તિમ સવિ મત્રમાં સારો, ભાખ્યો શ્રીનવકાર,
કહ્યા ન જાયે રે એહના, જેહ છે બહુ ઉપકાર. (૧૩)

શ્રીપ્રવચનસારોદ્ધાર ગ્રંથના વૃત્તિકાર મહર્ષિ પણ 'શ્રી નમસ્કાર મહામંત્ર'ને અંગે જણાવે છે કે-

" सर्वमन्त्ररत्नानामुत्पत्त्याकरस्य प्रथमस्य कल्पितपदार्थकरणैककल्पद्रुमस्य विष-विषधर-शाकिनी-डाकिनी-याकिन्यादिनिग्रहनिरवग्रहस्वभावस्य, सकलजगद्वशीकरणाकृष्ट्याद्यव्यभिचारिप्रौढप्रभावस्य, चतुर्दशपूर्वाणां सारभूतस्य, पञ्चपरमेष्ठिनमस्कारस्य महिमाऽत्यद्भुतं वरीवर्तते त्रिजगत्याकालमिति निष्प्रतिपक्षमेतत् सर्वसमयविदाम् ॥ "

'સકલ મન્ત્રરત્નોની ઉત્પત્તિનું મૂળસ્થાન, સર્વ વાંછિત વસ્તુપૂરક અદ્વિતીય કલ્પદ્રુમ, ઝેર, સર્પ, શાકિની, ડાકિની, યાકિની વગેરે ઉપદ્રવ-નિગ્રાહક, સમસ્ત વિશ્વનું વશીકરણકારક અવ્યભિચારી, પ્રૌઢપ્રભાવસંપન્ન, ચૌદ પૂર્વના સારભૂત એવા પંચપરમેષ્ઠિનમસ્કાર-નવકાર મંત્રનો મહિમા વિશ્વત્રયમાં સર્વકાળ માટે સર્વશ્રેષ્ઠ અને અત્યંત અદ્ભુત છે; આ વાત નિષ્પ્રતિપક્ષ સકલ સિદ્ધાન્તવિદો સ્વીકારે છે.'

'પંચમંગલમહાશ્રુતસ્કંધ' તરીકે જેની ખ્યાતિ છે એવો આ 'શ્રી નમસ્કાર-નવકાર મહામંત્ર' જેમ તલમાં તેલ, કમલમાં મકરંદ અને સકલ લોકમાં ધર્માસ્તિકાય ઈત્યાદિ વ્યાપીને રહેલ છે તેમ નિખિલ આગમોમાં અંતર્ગત(તે) રહેલ છે.

સમસ્ત શ્રુતનો-ચૌદપૂર્વનો સાર તેમાં છે. જગતમાં ઉત્કૃષ્ટકોટિના પંચપરમેષ્ઠિ ભગવંતનો સમવતાર તેમાં છે. ચિંતામણી, કલ્પવૃક્ષ, કામઘટ અને કામધેનુ ઈત્યાદિ કરતાં પણ લૌકિક અને લોકોત્તર ઉભય મનોવાંછિત ફળ આપવાની દિવ્યશક્તિ તેમાં છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ સદંતર દૂર કરવાનું અજોડ ઔષધ તેમાં છે. મુક્તિનારીને આકર્ષણ કરવાનું અદ્ભુત વશીકરણ તેમાં છે. કર્મને સર્વથા નિર્મૂળ કરવાની સાધના તેમાં છે. દેવો અને દેવેન્દ્રો, સુરો અને અસુરેન્દ્રો, માનવો અને માનવેન્દ્રો, યોગીઓ અને સાધુસંતો, પશુ અને પક્ષીઓ આદિ તિર્યંચો, સુખી જીવો અને દુઃખી જીવો ઈત્યાદિ જગતના નિખિલ જીવોને આકર્ષણ કરવાનું અલૌકિક સામર્થ્ય તેમાં છે. જગતભરના જીવમાત્રના સર્વોત્તમ ઉપકારક, ઉપકારી પૂનિત મહામાર્ગ અને ઉપકારસ્વરૂપ પરમ ફળ એ ત્રિપુટીનો ઉત્તમ ઉલ્લેખ તેમાં છે. અનુપમ આશ્વાસન, અલૌકિક પૂર્ણ શાન્તિ અને આત્મોન્નતિકારક સત્ પ્રેરણા ઈત્યાદિ અર્પક ઉચ્ચતમ આદર્શો તેમાં છે.

કલ્યાણસ્વરૂપ અલૌકિક અનંત અર્થ તેમાં છે. આત્મોદ્ધારક ઉત્તમ જડીબુટ્ટી તેમાં છે. અને ભવ્યાત્માનું ભવભ્રમણ સર્વથા દૂર કરાવી તેને અજરામરપદનું શાશ્વત સુખ આપવાનું પરમ ઉપકારપણું પણ તેમાં જ છે.

આવા અનુપમ મહાપ્રભાવિક શ્રી નમસ્કાર મહામંત્રરૂપ મૌક્તિકમાળાનું યત્કિંચિત્ દિગ્દર્શન અત્ર કરાવાય છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ઉત્તરાધ્યયન(સૂત્ર)ની ઉપમાઓ

લેખક : મુનિરાજશ્રી મહેન્દ્ર મુનિજી

જ્યારે મારે 'ઉત્તરાધ્યયન સૂત્ર' જોવાનું થયું ત્યારે જણાયું કે તેમાં ઉપલબ્ધ થતી ઉપમાઓને જો અલગ તારવી લેવાય તો અધ્યયનોના અભ્યાસ સાથે તેનું પરિશીલન પણ થઈ જાય. આ હેતુથી મેં સ્વતંત્ર નોંધ કરવા માંડેલી. પછી તેમાં યોગ્ય વિસ્તાર ઉમેરી અહિં આપી રહ્યો છું.

પ્રસ્તુત સૂત્રગત ઉપમાઓનો ઉલ્લેખ કરતાં અગાઉ આપણે એ જાણી લઈએ કે-(૧) ઉપમા શું છે. (૨) સાહિત્ય-ક્ષેત્રમાં તેનું સ્થાન અને (૩) તેની ઉપયોગિતા.

(૧) લોકભાષામાં પહેરવાના દાગીના-આભૂષણોને 'અલંકાર' શબ્દથી પણ આપણે કહેતાં આવ્યા છીએ. અલંકાર એ જેમ શરીરનું શોભા-ચિહ્ન છે તેમ શાસ્ત્ર - સંદર્ભ (રચના) પણ અલંકારથી દીપી ઉઠે છે. આવા અલંકારોનો સંસ્કૃત વાઙ્મયમાં ખાસ અલગ વિભાગ પણ છે

તેમાં ૧૦૦ ઉપર તો અર્થાલંકાર જ છે. 'ઉપમા' પણ અલંકારો પૈકી એક છે પરંતુ તેનું સ્થાન જોઈએ તો બધાથી ચઢિયાતું છે. મુખ્ય અને મૂળભૂત અલંકાર 'ઉપમા' છે. અને બીજા બધા જ અલંકારોની તેને જનની કહી શકાય.

(૨) આજ સુધી લગભગ દરેક ગ્રંથકાર પોતાની રચનામાં ઉપમાલંકારનો ઉપયોગ કરતા આવ્યા છે. પછી તે કાવ્યગ્રંથ હોય કે ધર્મગ્રંથ હોય! જટિલ ગણાતું તર્કશાસ્ત્ર કે જેને પણ અર્થ-કાઠિન્યને હળવું બનાવવા આ ઉપમાનો સહારો લેવો પડયો છે. આ રીતે આપણને તેની સર્વગ્રાહિતાનો ખ્યાલ આવી શકે છે.

(૩) ઉપમાલંકારનું મુખ્ય કાર્ય છે. સર્વના અનુભવમાં આવતાં દૃષ્ટાંતો સાથે મૂલ-વિચારની સમાનતા બતાવવી અને તે દ્વારા સામી વ્યક્તિ, વક્તાનો અભિપ્રાય સરલતાથી સમજી શકે છે. એ દૃષ્ટિએ જોઈએ તો તેનું મહત્ત્વ ઘણું છે.

હવે, આપણે ક્રમશઃ ઉદાહરણ જોઈ મૂળ વાત ઉપર આવીએ. (૧) કવિ કાલિદાસે 'રઘુવંશ'ની શરૂઆતમાં મહાદેવ અને પાર્વતીનો અભેદ સંબંધ બતાવવા "वागर्थौ इव संपृक्तौ पार्वती-परमेश्वरौ" એમ કહી વાણી અને અર્થ પરસ્પર જેટલા સંબંધ હોય છે તેમ પાર્વતી અને મહાદેવનો પારસ્પરિક સંબંધ પણ તેટલો જ નિકટનો છે. આ રીતે વાગર્થની ઉપમા દ્વારા શિવ-પાર્વતીની ઐક્યતા ધ્વનિત કરી છે.

(૨) આ જ રીતે આચાર ધર્મ-ગ્રંથોમાં પણ સ્થળે સ્થળે તાત્ત્વિક ઉપમાઓ જડી આવે છે. દા. ત.

जहा खरो चंदनभारवाही,
भारस्स भागी न हु चंदणस्स।
एवं खु णाणी चरणेण हीणो
नाणस्स भागी न हु सुग्गईए॥

—અર્થાત્ ચંદનના કાષ્ઠોને ઉપાડતો ગર્દભ એ જેમ માત્ર કાષ્ઠના બોજનો જ ભાગી છે, નહિં કે ચંદનની સુવાસનો-તેની ખુશબોનો, તેમ માત્ર જ્ઞાનના બોજને ધારણ કરતો જ્ઞાની જો તે ચારિત્ર-આચારથી વિમુખ હશે તો તે કેવલ પેલા ગર્દભની જેમ ગ્રંથગત જ્ઞાનરૂપ ભાર-બોજનો જ ભાગીદાર બનશે; સદ્ગતિનો કદાપિ નહિ. અહિં આચારવિહીન જ્ઞાનીની ચંદનકાષ્ઠોને ઉપાડનારા ગર્દભ સાથે સરખામણી કરવામાં આવી છે.

બોજ ઉપાડવાનો ગર્દભને અને તેનો લાભ ઉઠાવનાર બીજો, એ જેટલી વિષમ સ્થિતિ છે, તે સ્થિતિ અભાવિત અપરિણત જ્ઞાનીની છે. એ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાની ન તો જ્ઞાનની આચારરૂપ સુવાસ લઈ શકવાનો કે ન તો તેનું સાચું મૂલ્યાંકન આંકી શકવાનો ! અલબત્ત એના જ્ઞાનથી અન્ય પ્રકાશ મેળવી શકશે, બીજાઓ કલ્યાણ સાધી શકશે, પણ પેલા જ્ઞાનીના આત્માને શો લાભ ! એને તો ગર્દભની દુર્દશા જ વેઠવાની રહી. આખરે ગમે ત્યારે પણ પુરુષાર્થ કરવો એને જ બાકી રહેશે. આવી વેઠ આજે સમાજમાં ઘણાંખરાં વહે છે. તેઓને શાસ્ત્રની આ ઉપમાઓ લાલબત્તી ધરે છે.

**અસંયમી વિદ્વાન આંધળો મશાલચી છે.**

(૩) अनुमित्सादिविरहविशिष्ट[समान-विषयक] प्रत्यक्षसामग्री, कामिनीजिज्ञासादिवत् स्वातन्त्र्येणैव प्रतिबन्धिलेति ॥ [कारिकावली.]

મજકૂર સ્થળે ઉપમાનો ઉપયોગ, એક ન્યાય-સિદ્ધાંતને સુગમતાથી સમજી શકાય એ હેતુથી કરવામાં આવ્યો છે. અહીં કહેવું એ છે કે કોઈ વ્યક્તિને અનુમાન કરવાની ઇચ્છા નથી. અને સમાન વિષયવાળી પ્રત્યક્ષ જ્ઞાનોપયોગી સામગ્રી સામે પડી છે, તો તે વ્યક્તિને અનુમિતિ થશે કે પ્રત્યક્ષ ? એમ બે પ્રશ્ન છે, તો તેના જવાબમાં કેટલાકોનું એવું કથન છે કે સર્વાનુમતે અનુમિતિ તો નહિં જ થાય, કારણ અનુમિત્સા નથી. પણ સાથે એ પ્રત્યક્ષ સામગ્રી અનુમિતિનો બાધ-નિષેધ કરી પ્રત્યક્ષ કરાવી દેશે.

ત્યારે એવું નહિ સ્વીકારનારા કહે છે કે- એમ નહિં, પણ પુરોવર્તી પ્રત્યક્ષ સામગ્રીજ અનુમિતિનો **સ્વતન્ત્ર રીતે** નિષેધ કરી પ્રત્યક્ષ કરાવે છે. જેમ કામિની-જિજ્ઞાસા (સ્ત્રીસુખેચ્છા) જ્ઞાન થવા માત્રમાં સ્વત: વિરોધી છે તેમ અહીં પણ વિશેષણ વિશિષ્ટ પ્રત્યક્ષ સામગ્રી સ્વયમેવ પ્રત્યક્ષ કરાવી શકે છે. "અનુમિતિનો બાધ કર્યા પછી જ પ્રત્યક્ષ થાય છે." એમ માનવું નકામું છે.

આ પછી ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયનમાં સૌથી મોખરે વિનય-ધર્મની વિશેષતા વર્ણવવામાં આવી છે. કારણ વિનય એ અર્હન્ પ્રવચનરૂપી કલ્પવૃક્ષનું મૂળ ( Foundation ) છે.

મૂળની દઢતામાં જ વૃક્ષનો વિકાસ સાધ્ય હોઈ શકે. जहा सुणी पूइकण्णी निकसिज्जइ सव्वसो- સડેલા કૂતરી જેમ સર્વસ્થળેથી અપમાન પામે છે તેમ વાચાળ અને દુરાચારી અવિનયી શિષ્ય પણ સર્વ-સ્થળેથી તિરસ્કૃત બને છે. अ. १ श्लोक ४.

कणकुंडगं चइत्ताणं विट्ठं भुंजइ सूअरे-જેમ વરાહ સુંદર ધાન્યના કુંડાઓને ત્યજી વિષ્ઠાને પસંદ કરે છે તેમ અવિનયી, ગુરૂ હિતૈષીના અમૃત તુલ્ય વચનને અવગણી તુચ્છ સ્વવિચારોમાં જ આનંદ માણે છે. अ. १, ५ આગળ જતાં વિનયધર્મની પરાકાષ્ઠાએ પહોંચેલ વિનીત કેવો હોય તે બતાવે છે. आ गलिअस्सेव्व कस वयणमिच्छे पुणो पुणो- ગળિઓ અશ્વ (કે બળદ) જેમ ચાબૂકની વારંવાર અપેક્ષા રાખે છે તેમ વિનીતે ગુરુની શિક્ષા ન માગવી. પણ कसंव दट्ठु- ચાબૂક જોતા વેંત જ ચાલાક ઘોડો ઠેકાણે આવી જાય છે, તેમ મુમુક્ષુએ પણ ( ગુર્વાદિની આકૃતિદ્વારા ) પાપકર્મનું ભાન થતા વેંત જ તેનો પરિત્યાગ કરવો. अ. १, १२, તે પછી કહ્યું છે કે આવા સુવિનીત સાધકોને હિતશિક્ષા આપતાં ગુરુ પણ આનંદ અનુભવે છે-ભદ્રિક જાત્યશ્વને ચલાવતા સારથિ આનંદ અનુભવે તેમ.

ઉપરાંત વાચક ઉમાસ્વાતિ ભગવાને પણ 'પ્રશમરતિ પ્રકરણ' ગત શ્લો. ૭૨ થી ૭૪ માં "तस्मात्कल्याणानां सर्वेषां भाजनं विनयः" એમ બતાવી વિનયરૂપ ભૂમિકાથી મોક્ષ-મહેલ સુધી પહોંચવા પર્યંતની નિસરણીનું નિદર્શન કર્યું છે તે યથાર્થ જ છે.

કર્મના કર્તાને કર્મનું શુભાશુભ પરિણામ ભોગવવું જ પડે છે. એ સમજાવતા કહે છે કે-तेणे जहा संधिमुहे गहीए-ચોરીમાં ખાતર પાડતાં પકડાયેલો ચોર જેમ વધ-બંધનાદિથી પીડાય છે તેમ જીવો પણ પોતાના પાપકર્મદ્વારા અહીં અથવા પરલોકમાં પીડા-દુ:ખ પામે છે. 'અહીં 'कडाण कम्माण न मुक्ख अत्थि'નો સિદ્ધાંત ખૂબીથી રજૂ કરાયો છે. अ ४/३ आसे जहा सिक्खिअ वम्मधारी-જેમ શિક્ષિત કવચ-

For Private And Personal Use Only

ધારી અશ્વ રણભૂમિ વિગેરેમાં વિજય પામે છે તેમ વિનીત મુમુક્ષુ પણ સ્વચ્છંદને રોકવાથી સંસારની સમરભૂમિમાં પરાજય પામતો નથી. अ. ४/८

મૃત્યુ બધા માટે સમાન છે, છતાં જ્ઞાની માટે તે મહોત્સવમાં પલટાય છે. જ્યારે અજ્ઞાની માટે શોકનું કારણ બને છે. આ ભેદનું કારણ દર્શાવતાં કહે છે जहा सागडिओ जाणं समं हेच्चा महापहं–વાહનનો વાહક જો સારા ધોરી માર્ગને છોડી વિષમ માર્ગ પકડવા જતાં ધૂંસરી ભાંગી જતાં વિલાપ કરે છે. તેમ ધર્મનો રાજમાર્ગ બાજુએ મૂકી અધર્મ આચરનારો અજ્ઞાની મૃત્યુના મુખમાં આવી પડતાં પેલા વાહકની જેમ શોક કરે છે. अ. ५/१४-१५

ત્રણ વણિકના દૃષ્ટાંત સાથે માનવ-જીવનની તુલના કરતાં કહે છે કે–जहा य तिण्णि वणिआ मूलं घत्तूण निग्गआ–કોઈ વાર ત્રણ વણિકો પોતાની મૂળ મૂડી લઈ પરદેશ ધનોપાર્જન માટે નીકળ્યા છે. તે પૈકી એકે મૂળ મૂડીમાંથી ઘણો લાભ–નફો મેળવ્યો, બીજો તે ફક્ત મૂડી લઈને જ પાછો ફર્યો અને ત્રીજો એ બેંથીએ ડાહ્યો નીકળ્યો–તેણે તો મૂળ મૂડીને જ ગુમાવી દીધી. ગ્રંથકાર કહે છે કે–ववहारे उवमा एसा, त्तं धम्मे विआणह આ ઉપમાને અહીં આ રીતે ઘટાવી શકાય.

માનવ-દેહ તે આપણી મૂળ પૂંજી. તે દ્વારા સ્વર્ગ–અપવર્ગ મેળવવો એ ક્રમશઃ અધિક અધિક લાભ સમજવો અને જે પ્રાપ્ત શરીર દ્વારા વધુ કાંઈ નફો ન મેળવતાં જે માનવતા યા માનવ-ધર્મ ટકાવી રાખે છે તેને બીજી કક્ષામાં ગણી શકાય. તે પછી જેઓ પૂર્વ–પુણ્યથી પ્રાપ્ત સાધનોનો યથોચિત ઉપયોગ ન કરતાં તેનો દુરુપયોગ કરે છે તેઓ પોતાના હાથથી જ પોતાનું અહિત કરનારા હોઈ પોતાના જ આત્માને ખતરામાં નાખે છે, ત્રીજી કક્ષામાં આવા જીવો આવી શકે. अ. ७ / १४–१६

આગળ દ્રુમ-પત્રક નામક અધ્યયનમાં અપ્રમાદનો યંત્ર બતાવેલ છે–

दुमपत्तए पंडुअए जहा निवडई राइगणाणमच्चए।
एवं मणुआण जीविअं, समयं गोमय! मा
पमाअए ॥

ભગવાન મહાવીર પ્રભુએ ગૌતમ ગણધરને ઉદ્દેશીને આ ઉપમા કહી હતી. પાકું થઈ ગયેલું વૃક્ષનું પાંદડું જેમ રાત્રિના સમૂહો પસાર થતાં ખરી પડે છે તેમ પ્રાણીઓનું આ જીવન પણ આયુષ્યની અવધિ પૂર્ણ થતાં નાશ પામે છે માટે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કરીશ. अ. / १० / १ આના જ અનુસંધાનમાં કહે છે કે–कुसग्गे जह ओसबिंदुए थोवं चिट्ठइ लंबमाणए કુશ–દાભના અગ્રભાગે લટકી રહેલું ઝાકળનું બિંદુ જેમ વધુ વખત સ્થિર નથી રહી શકતું તેમ આપણું આ જીવન પણ ચિરસ્થાયી નથી, પરિમિત છે. આ ઉપમા સાધકને હિતકાર્યમાં નિમગ્ન થવા પ્રેરણા આપે છે. અનાસક્તિ યોગને સમજવા નીચેની ઉક્તિ ઘણી ઉપયોગી છે. अ. १० / २ वुच्छिंद सिणेहमप्पणो कुमुअं सारइअं वा[1] पाणिअं–શરદ ઋતુમાં વિકસિત કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં પાણી અને કાદવથી જેમ નિરાળું રહે છે, તેમ તું પણ તારા આત્માને આસક્તિથી અલગ રાખ. તારી વિશુદ્ધ વૃત્તિને બહારના સંયોગોમાં મલિન ન બનાવ. ભગવાન મહાવીર પ્રભુ અને વિદેહી જનક રાજા વિગેરેના દૃષ્ટાંત અનાસક્તિ યોગના પ્રતીક છે. अ. १० / २८

આગળ યજ્ઞનું સાચું સ્વરૂપ શું? એ અંગે સ્પષ્ટતા કરતાં જણાવે છે કે–બહારના સાધનોથી કરાતો યજ્ઞ હિંસામય હોઈ ત્યાજ્ય છે. દ્રવ્ય–ભાવ બંને પ્રકારના યજ્ઞના સાધનોની સરખામણી અહીં કરવામાં આવી છે તે આ મુજબ છે.

तवो जोई, जीवो जोइठाणं,
जोगासुआ सरीरं कारिसंगं ।
कम्मे एहा संजमजोग संती,
होमं हुणामि इसिणं पसत्थं ॥

१ 'वा' शब्द उपमार्थो–इति उत्तराध्ययनसूत्रे श्रीमद्भावविजयगणिविरचितविवृत्तौ पृ. १४०

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરખાવો:—

| દ્રવ્ય યજ્ઞના સાધન | ભાવયજ્ઞના સાધન |
|---|---|
| ૧. અગ્નિ. | તપ, તિતિક્ષા, આદિ. |
| ૨. વેદિકા | જીવ-જીવાત્મા |
| ૩. સ્રુક્ (કડછી) | મન, વચન, કાયાના ત્રિવિધ શુભ યોગ, (સ્રુક્) |
| ૪. ઉદ્દીપક ઘી-હવિ | તપોગ્નિને ઉદ્દીપન કરનાર સાધન-શરીર |
| ૫. કાષ્ઠ-ઇંધન, | કર્મ-ઇંધન. |
| ૬. શાંતિમંત્ર | સંયમ મંત્ર મૈત્રી-પ્રમોદ-કારુણ્ય માધ્યસ્થ |

આ રીતે મહર્ષિઓ દ્વારા પ્રશસ્ત[1] ચારિત્રરૂપ ભાવયજ્ઞવડે હું યજન કરું છું. અ. ૧૨/૪૪

વિષયોમાં આસક્ત બનેલા આત્માની દશા પરત્વે કહે છે કે—नागो जहा पंकजलावसन्नो दट्ठुं थलं नाभिसमेइ तीरं:— તળાવ વગેરેમાં પાણી પીવા જતાં હાથી જેમ કાદવમાં ખૂંચી જાય છે ત્યારે સ્થળને દેખવા છતાં પણ કિનારે આવી શકતો નથી તેમ વિષયોમાં તલ્લીન બનેલો આત્મા પણ તેના કટુ-વિરસ પરિણામને અનુભવવા છતાં તેમાંથી ઉગરી ત્યાગ-ધર્મને આચરી શકતો નથી. અ. ૧૩/૩૦

મહારાણી કમલાવતી વૈરાગ્ય પામી પ્રવ્રજ્યા માટે તૈયાર થાય છે ત્યારે રાજા ઇષુકારને ઉદ્દેશીને જે ઉપમાઓ કહી હતી તે આ રહી:—

'कामे संसारवड्ढणे उरगो सुवण्णपासे वा संकमाणो तणुं चरे' કામ-ભોગ સંસારના સર્જક છે, માટે સર્પ જેમ ગરૂડથી ડરી ડરીને ચાલે તેમ દરેક ભીરૂ આત્માએ સર્પથી અધિક ઝેરીલા કામભોગોથી ડરીને વિવેકપૂર્વક ચાલવું હિતાવહ છે. વિગેરે કમળાવતીના વેધક ઉદ્‌ગારો ' સાંભળી મહારાજા ઇષુકાર મોહ-નિદ્રાથી, જાગ્રત બને છે. આ સિવાય બીજી પણ ઉપમાઓ આપવી અહીં બાકી રહે છે. વાચક, તેની નોંધ લે.

[1] સરખાવો—
पापध्वंसिनि निष्कामे, ज्ञानयज्ञे रतो भव ।
सावद्यैः कर्मयज्ञैः किं, भूतिकामनयाविलैः ॥ ज्ञानसार

# તીર્થંકરની વિભૂતિ : અતિશયો અને પ્રાતિહાર્યો

## [ લેખાંક ૨ : અતિશયો અને પ્રાતિહાર્યોને અંગેનું સાહિત્ય ]

( લેખક : પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ. )

**ગુજરાતી-જિનદેવદર્શન** (પૃ. ૨૯-૩૦)માં વાણીના ૩૫ ગુણો ગણાવાયા છે.

**હિન્દી-જૈનતત્ત્વાદર્શ**(પૃ. ૪-૬)માં **અભિધાનચિન્તામણિ**( કાંડ ૧, શ્લો. ૬૫-૭૧)માં જે વાણીના ૩૫ ગુણોનાં સંસ્કૃત નામ છે એ નામોના ઉલ્લેખપૂર્વક એના અર્થ હિન્દીમાં અપાયા છે.

**અંગ્રેજી**-કોઈ કોઈ અંગ્રેજી કૃતિમાં વાણીના ૩૫ ગુણો નજરે પડે છે.

**(આ) ચોત્રીસ અતિશયો સંબંધી સાહિત્ય**

**પાઇય-જૈનોના** જે શ્વેતાંબર અને દિગંબર એમ બે મુખ્ય વર્ગ ગણાવાયા છે, તેમાં શ્વેતાંબરને માન્ય **અને વીર** સંવત ૯૮૦ કે ૯૯૩ માં પુસ્તકારૂઢ કરાયેલા **સમવાય**(સુત્ત ૩૪)માં ચોત્રીશ અતિશયોના નામ અદ્ધમાગહી(અર્ધ-માગધી)માં અપાયા છે. તેમ કરતી વેળા 'બુદ્ધાઇસેસ' તરીકે એનો ઉલ્લેખ કરાયો છે. દિગંબર આચાર્ય કુન્દકુન્દે જઇણ સોરસેણી(જૈન શૌરસેની)માં રચેલા **નિયમસારની** ૭૧ મી ગાથામાં ચોત્રીશ અતિશયો એવો બાંધિભારે ઉલ્લેખ કર્યો છે.

નેમિચન્દ્રસૂરિએ જઇણમરહટ્ઠી( જૈન મહારાષ્ટ્રી)માં રચેલા **પવયણસારુદ્ધાર** (દ્વાર ૪૦; ગા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૪૧–૪૫૦)માં ચોત્રીશ અતિશયોમાં નામ આપ્યા છે અને એના જન્મથી, કર્મક્ષયથી અને દેવકૃત એમ ત્રણ વિભાગ દર્શાવી એની સંખ્યા અનુક્રમે ૪, ૧૧ અને ૧૯ હોવાનું કહ્યું છે.

*ચઉતીસજિણાઇસયથવણ યાને **ચઉતીસાતિસયથોત્ત** નામની તેર ગાથાના અજ્ઞાતકર્તૃક સ્તોત્રમાં ૩૪ અતિશયોના નામ અપાયા છે. આ સ્તોત્ર **જૈનસ્તોત્રસન્દોહ** ( ભા. ૧, પૃ ૮૧–૮૨ )માં છપાવાયું છે. આની ગાથા ૨–૩ ×પ્રદ્યુમ્નસૂરિકૃત **વિચારસાર** (વિયારલેસપયરણ)ની ગા. ૧૧૨–૧૧૩ રૂપે જોવાય છે અને ગા. ૪–૧૦ અને ગા. ૧૨ આ **વિચારસારની** ગા. ૧૫૧–૧૫૮ રૂપે જોવાય છે.

**સંસ્કૃત**–ઉપર્યુક્ત **સમવાય** નામના જૈન શ્વેતાંબર આગમ ઉપર **અભયદેવસૂરિએ** વિ. સં. ૧૧૨૦માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એમાં (†પત્ર ૫૮અ–૫૯આ)માં ચોત્રીસ અતિશયોની સમજણ અપાઇ છે. વિશેષમાં એના ત્રણ વર્ગનું તેમજ અતિશયોના નામ પરત્વેના મતાંતરનું સૂચન કરાયું છે. એમણે ચાર અતિશયો ભવ(જન્ય) આશ્રીને છે, પંદર કર્મક્ષયથી ઉદ્ભવેલા છે અને પંદર દેવકૃત છે એમ ત્રણ વર્ગ પાડયા છે. 'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ **અભિધાનચિંતામણિ**(કાંડ ૧, શ્લો. ૫૭–૬૪ )માં ચોત્રીસ અતિશયો ગણાવ્યા છે અને એની સ્વોપજ્ઞ વિવૃતિ(પૃ. ૧૯–૨૧)માં એની સમજણ આપી છે. વિશેષમાં એના ત્રણ વર્ગ ઉપર મુજબ પાડ્યા છે પરંતુ એની સંખ્યા ૪, ૧૧ અને ૧૯ની દર્શાવી છે અને અતિશયો પરત્વે મતાંતર હોવાનો ઉલ્લેખ કર્યો છે.

કોઇકે પાંચ પદ્યનો **જિનચતુસ્ત્રિંશદતિશયસ્તવ** રચ્યો છે અને એ DCGCM (VOL XIX Pt. I PP 211–212)માં છપાયો છે. કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિકૃત **વીતરાગસ્તોત્રના** બીજા, ત્રીજા અને ચોથા પ્રકાશમાં અનુક્રમે ૪, ૧૧ અને ૧૪ અતિશયોનું અને પાંચમા પ્રકાશમાં આઠ પ્રાતિહાર્યો દ્વારા બાકીના પાંચનું આલંકારિક વર્ણન છે. **યોગશાસ્ત્ર** (પ્ર. ૧૧, શ્લો. ૨૪–૪૭)માં કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ તીર્થંકરને ઉદ્ભવતી વિભૂતિઓ તરીકે ચાર સહજ અતિશયો સિવાયના ત્રીશ અતિશયોનું આલંકારિક વર્ણન છે. આવું વર્ણન **ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર** (પર્વ ૧, સ. ૬, શ્લો. ૫૩–૭૩)માં છે.‡

**પવયણસારુદ્ધાર** ઉપર સિદ્ધસેનસૂરિએ વિ સં. ૧૨૪૮ કે પછી ૧૨૭૮ (હરિ–સાગરવિ)માં સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એનાં પત્ર ૧૦૮ અ ૧૦૯ આમાં ૩૪ અતિશયોની સમજણ અપાઈ છે અને સાથે સાથે કહ્યું છે કે અતિશયોના નામ બાબ **સમવાયથી** જે ભિન્નતા જોવાય છે તે મતાંતર આભારી છે.

કોઇકે પાંચ પદ્યમાં *જિનચતુસ્ત્રિંશદતિશયસ્ત રચ્યો છે.

**હિન્દી**–**જૈનતત્ત્વાદર્શ**(પૃ. ૭–૮)માં ૩ અતિશયોનાં નામ અપાયાં છે અને અંતમાં કહ્યું કે મતાંતર અને વાચનાંતરમાં કોઈ કોઈ અતિશય ભિન્ન પ્રકારે પણ ઉલ્લેખ છે.

**ગુજરાતી**––ન્યાયાચાર્યે **સુપાર્શ્વનાથજિ સ્તવનમાં** ચોત્રીશ અતિશયોના સહજ, કર્મક્ષ અને દેવકૃત એમ ત્રણ વર્ગ અને એને અંગે સંખ્યાનો નિર્દેશ કર્યો છે, જ્યારે **પંચપરમેષ્ઠિગી**

---

* આ કૃતિ સંસ્કૃત છાયા અને મારા ગુજરાતી અનુવાદ સહિત "ચઉતીસજિણાઈસયથવણ (ચતુર્વિંશતિજિનાતિશય સ્તવન) સાનુવાદ" નામના મારા લેખમાં રજૂ કરાઇ છે.

× એઓ ધર્મઘોષસૂરિના શિષ્ય દેવપ્રભસૂરિના શિષ્ય થાય છે અને એમનો સત્તાસમય વિક્રમની ચૌદમી સદી છે.

† આ શ્રી૦ મફતલાલ ઝવેરચંદદ્વારા સંપાદિત આવૃત્તિના પત્રાંક છે. એમાં પ્રકાશકનું નામ અપાયેલું નથી.

‡ અહીં કૌશલિક ઋષભદેવ કેવલી બન્યા 'અષ્ટાપદ' તરફ વિહાર કરે છે તે સમયના એમના અતિશયોનું વર્ણન છે.

* આ સંસ્કૃત કૃતિ 'જિનચતુસ્ત્રિંશદતિશય (સાનુવાદ)' નામના મારા લેખમાં રજૂ કરાઈ છે.

For Private And Personal Use Only

(પૃ. ૧૨૩-૧૨૪)માં ચોત્રીશ અતિશયોનાં નામ દર્શાવ્યાં છે

પદ્મવિજયે ઋષભદેવના સ્તવનમાં ચોત્રીસ અતિશયોનો બાવિભારે ઉલ્લેખ કરી એનું વર્ગીકરણ સૂચવીને ચાર સહજ અતિશયોનું સંક્ષિપ્ત વર્ણન કર્યું છે એમણે શાન્તિનાથના સ્તવનમાં કર્મક્ષયજન્ય ૧૧ અને નેમિનાથના સ્તવનમાં દેવકૃત ૧૯ અતિશયોનાં નામ આપ્યાં છે.

"તીર્થંકરની વિભૂતિ" નામની મારી કવિતામાં મેં અભયદેવસૂરિ વગેરેની અતિશયોને લગતી વિચારણાને સ્થાન આપ્યું છે. સાથે સાથે દિગંબર માન્યતાનો નિર્દેશ કર્યો છે. એને લક્ષીને શ્રી મૂળચંદ ક. કાપડીયાએ દિગંબરીય મંતવ્ય રજૂ કર્યું છે.

શોભન મુનિકૃત **સ્તુતિચતુર્વિંશતિકા**ના મારા સ્પષ્ટીકરણ(પૃ. ૨૯૨-૨૯૫)માં ત્રણ ગઢનું વર્ણન છે. અને પૃ ૨૯૬માં ધર્મધ્વજાદિ વિશે નિર્દેશ છે.

અંગ્રેજી-**ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર**ના મિસ ડૉ. હેલેન જોન્સને કરેલા અંગ્રેજી અનુવાદ (VoL. I, PP. 5-6)માં ચોત્રીસ અતિશયોનું અંગ્રેજીમાં નિરૂપણ છે.

## [ઈ] આઠ પ્રાતિહાર્યોને લગતું સાહિત્ય

પાઇય-**પવયણસારુદ્ધાર**(દ્વાર ૩૯)ની ૪૪૦મી ગાથા આઠ પ્રાતિહાર્યોનાં નામ પૂરાં પાડે છે. એ ગાથા કોઈ પુરોગામીની કૃતિમાંથી ઉધ્ધૃત કરાયેલી હોવાની શંકા રહે છે. **વિચારસાર**ની ૪૬૧મી ગાથા તે આ જ છે.

**સંસ્કૃત-અનેકાન્તજયપતાકા**ની સ્વોપજ્ઞ વ્યાખ્યા(ખંડ ૧, પૃ. ૪)માં આઠ પ્રાતિહાર્યોનાં નામ રજૂ કરતું એક અવતરણ અપાયું છે. સિદ્ધસેન દિવાકરે **કલ્યાણમન્દિરસ્તોત્ર**(શ્લો. ૧૯-૨૨)માં અને માનતુંગસૂરિએ **ભક્તામરસ્તોત્ર**(શ્લો. ૨૮-૩૧)માં અનુક્રમે આઠ અને ચાર પ્રાતિહાર્યોનું આલંકારિક વર્ણન કર્યું છે. **વીતરાગસ્તોત્ર**(પ્રકાશ ૫)માં આઠે પ્રાતિહાર્યોનું વર્ણન છે.

**પવયણસારુદ્ધાર**( ગા. ૪૪૦ )ની વૃત્તિ (પત્ર ૧૦૬અ-૧૦૭આ)માં આઠ પ્રાતિહાર્યોનું ગદ્યમાં વિસ્તૃત વર્ણન છે.

૭ પદ્યનું જે **સાધારણજિનસ્તવન જૈનસ્તોત્રસન્દોહ**(ભા. ૧, પૃ. ૨૩-૨૪)માં છપાવાયું છે તેમાં આઠ પ્રાતિહાર્યોનું વર્ણન છે. એને લઈને હું એને "પ્રાતિહાર્યસ્તવન" જેવું નામ આપવા લલચાઉં છું. આના કર્તા પાર્શ્વચન્દ્રસૂરિ છે કે કેમ એવો પ્રશ્ન ઉઠાવાયો છે.

જિનપ્રભસૂરિએ ૧૬ પદ્યમાં **પાર્શ્વનાથપ્રાતિહાર્યસ્તવન** રચ્યું છે. એ મારા ગુજરાતી અનુવાદ સહિત "ભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહ" (ભા. ૨) (પૃ. ૧૬૨-૧૬૪)માં છપાવાયું છે. પૃ. ૧૬૦-૧૬૨માં, એક અજ્ઞાતકર્તૃક કૃતિમાં શ્લો. ૧૨-૧૯માં પ્રાતિહાર્યોનું પદ્યાત્મક સ્તવન છે. એ પણ મારા ગુજરાતી અનુવાદ સહિત અહીં છપાયું છે.

ઉપરાંત આ. જિનસુન્દરસૂરિકૃત **સીમન્ધરસ્વામિસ્તવન** (શ્લો. ૨-૯), જિનપ્રભસૂરિકૃત વીરપંચકલ્યાણક સ્તવન (શ્લો. ૧૯-૨૬), **જ્ઞાનસાગરસૂરિકૃત** પાર્શ્વજિનસ્તવ (શ્લો. ૭-૧૪) તેમજ **સહજમણ્ડનગણિકૃત સીમન્ધરસ્વામિસ્તોત્ર** (શ્લો. ૭-૧૪) આઠે પ્રાતિહાર્યોનું પદ્યાત્મક વર્ણન પૂરું પાડે છે.

**ગુજરાતી**--વાચાચાર્યકૃત **પંચપરમેષ્ઠિગીતા**ના પૃ. ૫૨૩માં પ્રાતિહાર્યોની આઠની સંખ્યા દર્શાવાઈ છે, જ્યારે પૃ. ૫૨૬માં એનાં નામ ગણાવ્યાં છે. શોભન મુનિકૃત **સ્તુતિચતુર્વિંશતિકા**માં આઠ પ્રાતિહાર્યો વિશેનું મારું સ્પષ્ટીકરણ છપાયું છે. તે પ્રાતિહાર્યનાં નામ પૃષ્ઠાંક સહિત હું અહીં દર્શાવું છું—

| પ્રાતિહાર્ય | પૃષ્ઠાંક | પ્રાતિહાર્ય | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| સુરપુષ્પવૃષ્ટિ | ૨૯૧-૨૯૨ | છત્ર | ૨૯૬ |
| અશોક વૃક્ષ | ૨૯૫ | ભામંડળ | ૨૯૬ |
| સિંહાસન | ૨૯૫-૨૯૬ | દુન્દુભિ | ૨૯૬ |
| ચામર | ૨૯૬ | દિવ્યધ્વનિ | ૨૯૫ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રશ્નોત્તરસાર્ધશતક—સાર્થ

: ( ૨૬ ) :

અનુ૦ આચાર્યશ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પ્ર૦ (૧૦૯) પાંચ આશ્રવથી વિરમવું ઈત્યાદિ સંયમના ૧૭ ભેદ તો પ્રસિદ્ધ છે પરંતુ બીજા પ્રકારે ૧૭ ભેદ સંયમ અને અસંયમના શાસ્ત્રમાં સંભળાય છે તે કેવી રીતે જાણવા?

ઉ૦—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય–આ નવ પ્રકારના જીવો વિષે યતનાવડે પ્રવૃત્તિ કરવી તે નવવિધ સંયમ ૯, તથા અજીવસંયમ ૧૦, પ્રેક્ષાસંયમ ૧૧, ઉપેક્ષાસંયમ ૧૨, પરિષ્ઠાપના સંયમ ૧૩, પ્રમાર્જના સંયમ ૧૪, મન–વચન–કાયાના યોગોને શુભ કાર્યમાં પ્રવર્તાવવા અને અશુભ કાર્યથી રોકવા એ ત્રિવિધ સંયમ ૧૭–આ સત્તર પ્રકારનો સંયમ અને એનાથી વિપરીત તે અસંયમ છે, પાંચ અજીવ સંયમાદિનો અર્થ ઓઘનિર્યુક્તિ આદિ સૂત્રથી જાણવો, તે સંબંધી પાઠ આ પ્રમાણે છે–

—पुढविदगअगणिमारुअवणस्स बेइंदियतेइंदिय-चउरिंदियपंचेन्दिया "तथा अजीवत्ति" અજીવમાં લીલફુલ લાગેલ પુસ્તકાદિ ગ્રહણ કરવાથી અસંયમ થાય છે જેથી તે ગ્રહણ કરવું નહિ, આદિ શબ્દથી " दूसपणगं – तणपणगं – चम्मपणगं च" પાંચ પ્રકારના વસ્ત્ર, પાંચ પ્રકારના ઘાસ, પાંચ પ્રકારનું ચામડું–આ ગ્રહણ કરવાથી અસંયમ થાય અને એનો ત્યાગ કરવાથી સંયમ થાય ૧૦ ભેદ થયા. પ્રેક્ષાસંયમ–પ્રથમ ચક્ષુવડે ભૂમિ જોઇને પછી કાઉસ્સગ્ગ, શયન વિગેરે કરવું ૧૧. ઉપેક્ષા બે પ્રકારે હોય છે. સંયતવ્યાપાર ઉપેક્ષા અને ગૃહસ્થવ્યાપાર ઉપેક્ષા તેમાં સંયતવ્યાપારમાં પ્રમાદ કરતા સાધુને જોઇને પ્રેરણા કરવી તે સંયતવ્યાપાર ઉપેક્ષા, સાવદ્ય કાર્યમાં પ્રવૃત્તિ કરતા ગૃહસ્થને જોઇને પ્રેરણા ન કરવી તે ગૃહસ્થ વ્યાપાર ઉપેક્ષા ૧૨, જરૂરથી અધિક વસ્ત્ર–ભાત-પાણી આદિ વિધિપૂર્વક પરઠવતા ત્યાગ કરતાં જે સંયમ તે તે પારિષ્ઠાપનક સંયમ ૧૩, " सागारिय पमज्जणसंजमो" ગૃહસ્થના દેખતા રજોહરણવડે પ્રમાર્જન ન કરવું તે રૂપ સંયમ, "सेसे पमज्जणत्ति" ગૃહસ્થના અભાવે રજોહરણવડે પ્રમાર્જન કરવું તે વડે સંયમ તે પ્રમાર્જના સંયમ ૧૪–એવી રીતે આ ચતુર્દશ ભેદ અને મન, વચન, કાયાની શુભ પ્રવૃત્તિ એ ૧૭ ભેદ જાણવા.

શ્રી સમવાયાંગ સૂત્રની ટીકામાં એટલી વિશેષતા છે– "अजीवकायऽसंयम" વિકટ સુવર્ણ, બહુમૂલ્ય વસ્ત્ર પાત્ર પુસ્તક વિગેરે ગ્રહણ કરવા તે અજીવકાય-અસંયમ, અને તે વિકટ સુવર્ણાદિ ગ્રહણ ન કરવા તે અજીવકાયસંયમ, ઉપેક્ષા અસંયમ–અસંયમયોગોને વિષે પ્રવૃત્તિ કરવી એટલે સાવદ્ય કાર્યમાં મનાદિ યોગોને પ્રવર્તાવવા, સંયમયોગોને વિષે એટલે નિર્વદ્ય કાર્યમાં મનાદિયોગોને ન પ્રવર્તાવવા, તે ઉપેક્ષા અસંયમ, ઉપેક્ષા સંયમ એનાથી વિપરીત–મનાદિ યોગોને સંયમ યોગોને વિષે પ્રવર્તાવવા અને અસંયમ યોગોને વિષે ન પ્રવર્તાવવા તે ઉપેક્ષા સંયમ કહેવાય, પ્રમાર્જના અસંયમ–પાત્રાદિનું પ્રમાર્જન ન કરવું અથવા અવિધિથી પ્રમાર્જન કરવું તે, તેનાથી વિપરીત પ્રમાર્જના સંયમ જાણવું, "प्रागुक्तपल यदुक्तं अग्रा-

હિન્દી–શ્રી વિજયાનન્દસૂરિએ ઉર્ફે આત્મારામજી મહારાજે વિ. સં. ૧૯૫૧માં ‡તત્ત્વનિર્ણયપ્રાસાદ નામનો જે ગ્રન્થ રચ્યો છે તેમાં " कङ्किल्लिकुसुम "થી શરૂ થતું પદ્ય આપી એમાં દર્શાવેલાં આઠ પ્રાતિહાર્યોની સમજણ આપી છે.

‡ આ ગ્રન્થ અમરચન્દ્ર પી. પરમારે ઈ. સ. ૧૯૦૨ માં પ્રસિદ્ધ કર્યો છે.



For Private And Personal Use Only

घं दूसपणगं इत्यादि" એનો અર્થ આ પ્રમાણે છે જેમાં રૂ ભરેલું હોય એવા પાંચ પ્રકારના વસ્ત્ર તેની પ્રતિલેખના થઇ શકતી નથી કેમકે એના અંદરનો ભાગ આંખથી જોઇ શકાતો નથી.

"कुंचिकादिकं तु दुष्प्रतिलेखितदुष्यपंचकं" कुंचिका १ पूरिका २ प्रावार ३ दाढिकालि ४ जयनानि ५" રૂથી ભરેલું વસ્ત્ર તે कुंचिका १, જાડા શણના દોરડાથી વણેલું હોય તે पूरिका २, મોટો કંબલ તે प्रावार ३, બે તાર ભેગા કરીને વણેલું વસ્ત્ર તે दाढिकालि ३, બે સૂત્રનું વણેલું વસ્ત્ર તે विरलिका, ઉન અને સુતર ભેગું હોય તે જ जयनानि ઉન તે પ્રસિદ્ધ છે ઇત્યાદિ બૃહત્કલ્પમાં કહેલ છે, એવી રીતે પહોલાણવાળું ઘાસ અને રૂંવાટાવાળું ચામડું પણ અગ્રાહ્ય છે. ॥૧૦૯॥

પ્ર૦ (૧૧૦) કાલાતિક્રાન્ત-અધ્વાતિક્રાન્ત-ક્ષેત્રાતિક્રાન્ત-પ્રમાણાતિક્રાન્ત અશનાદિ સાધુઓને ન કલ્પે, પરંતુ કાલાતિક્રાન્તાદિ પદોનો અર્થ શો ?

ઉ૦—ત્રણ પ્રહર ઉપર રાખવામાં આવેલ અશનાદિ કાલાતિક્રાન્ત કહેવાય, અર્ધયોજનથી વધારે દૂરથી લાવેલ અથવા લઈ ગએલ અશનાદિ અધ્વાતિક્રાન્ત કહેવાય, તે અશનાદિ સાધુઓને અપરિભોગ્ય ત્યાગ કરવા યોગ્ય હોય છે, તે અધ્વાતિક્રાન્ત કહેવાય, એમ જીતકલ્પસૂત્રની ટીકામાં કહ્યું છે, તે આ પ્રમાણે-"क्षेत्रं सूर्यसंबंधितापक्षेत्रं दिनं, इत्यर्थः तदतिक्रांतं यत्तत् क्षेत्रातिक्रान्तं સૂર્યોદય પહેલા અશનાદિ ગ્રહણ કરીને સૂર્યોદય થયા પછી વાપરે તે ક્ષેત્રાતિક્રાન્ત કહેવાય, તથા આહારનું પ્રમાણ બત્રીશ કવલનું છે, તેનું ઉલંઘન કરવું તે પ્રમાણાતિક્રાન્ત કહેવાય. શ્રી ભગવતીમાં કહ્યું છે કેઃ-

—जो णं निग्गंथो वा निग्गंथी वा फासुएसणिज्जं असणं पाणं खाइमं साइमं अणुग्गोए सूरिए पडिग्गहित्ता उग्गए सूरिए आहारं आहारेइ एस णं गोयमा खित्तातिक्कंते पाणभोयणे । ભાવાર્થ:-જે સાધુ અથવા સાધ્વી અચિત્ત અને નિર્દોષ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારનો આહાર સૂર્યોદય પહેલાં ગ્રહણ કરીને સૂર્યોદય થયા પછી વાપરે તો હે ગૌતમ! તે આહાર અને પાણી ક્ષેત્રાતિક્રાન્ત કહેવાય ॥૧૧૦॥

પ્ર૦ (૧૧૧) પ્રતિક્રમણના સૂત્રમાં અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર-આ ચાર ભેદ વ્રતભંગને આશ્રયી કહેલ છે, તેનું સ્વરૂપ શું ?

ઉ૦—આવશ્યક સૂત્રની બૃહદ્વૃત્તિમાં આપેલ ઉત્તર અત્રે જાણવો, તે પાઠ આ પ્રમાણે-आहाकम्मणि तणे पडिसुणमाणे अइक्कमो होइ ॥ पदभेदादिवइक्कमो गहिते तईओ तरो गिलित्ते ॥१॥

ભાવાર્થ:-કોઇ ગૃહસ્થ આધાકર્મી આહારને માટે નિમંત્રણ કરે. હું ગ્રહણ કરીશ એવા અભિપ્રાયથી સાધુ સાંભળે તો સાધુક્રિયાના ઉલ્લંઘનરૂપ અતિક્રમ નામક દોષ લાગે, કેમકે એવું વચન સાંભળવું સાધુને કલ્પે નહિ. તો તે સ્વીકાર કેમ કરી શકાય ? ત્યારથી આરંભીને તેને માટે પાત્રા આદિ ગ્રહણ કરે યાવદ્ ઉપયોગ કરે ત્યાં સુધી અતિક્રમ જાણવું, ત્યારપછી ઉપયોગ કર્યા બાદ આધાકર્મી આહાર લેવાને માટે જાય, દાતારે પાત્રમાં નાખવા માટે ભોજન હાથમાં લીધું હોય ત્યાં સુધી વ્યતિક્રમ, પછી ગ્રહણ કરે ત્યારે અતિચાર, યાવત્ ઉપાશ્રયે જઈ ઇરિયાવહી પડિક્કમે કવલ હાથમાં લે ત્યાં સુધી અતિચાર જાણવું. પછી ઉત્તરકાલમાં અનાચાર, કહ્યું છે કે-"तरो मिलितेति" કવલ મુખમાં નાખે એટલે અનાચાર કહેવાય (૧૧૧). (ચાલુ)

સામાયિકમાં
વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
જ્ઞાનસાર-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો :—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દાંભિકતા

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

માનવના શરીરમાં રાજયક્ષ્મા, રક્તપિત્ત, ભગંદર વગેરે મહાન દુર્ધર રોગો ઘર કરી જાય છે, અને મરણાંત સુધી એ પોતાનું સ્થાન છોડતા નથી. દાંભિકતા એક એવો જ રોગ છે. એ રોગથી બધા જ માનવો વધારે ઓછા પ્રમાણમાં પીડાય છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. પોતાનો જે દરજ્જો હોય તેથી વધુ કરીને બતાવવો અને સત્ય વસ્તુનો અપલાપ કરી તે છુપાવવી એને દાંભિકતા કહી શકાય.

પોતાની આવક છુપાવી એ અતિશયોક્ત બતાવવી, મોઢે વિનયનો સ્વાંગ સજી પોતાને વસ્તુસ્થિતિ કરતાં વધુ સામર્થ્યવાન બતાવવા એ ટેવ બધાઓને જ હોય છે. નોકરીયાત પોતાનો પગાર છુપાવવા પ્રયત્ન કરે છે. પોતાની નોકરીને નોકરી નહીં પણ માલેકી જેવી બતાવે છે અને પોતાની માનમાન્યતા વધુ પડતી બતાવે છે. પોતાની જે આવડત હોય તેના કરતા અતિશયોક્ત કરી બતાવવી એ તો સ્વભાવવિશેષ બની ગએલો હોય છે.

યત્કિંચિત્ આવડત હોય ત્યાં પોતે પંડિત છે એવો દાવો પ્રગટ કરતા માનવ લાજતો નથી. વ્યાકરણ, ન્યાય, તર્ક કે સાહિત્યક્ષેત્રમાં છંદ, અલંકાર, વાક્યરચના, વિષયપ્રતિપાદન વિગેરેમાં જરા જેવી આવડત ન હોય છતાં પોતે બધું જાણે છે એવો દેખાવ કરવામાં જરા પણ લજ્જા પામતો નથી. રાજકારણમાં ઉપલક આમતેમ છાપા ફેરવી જરા જેવું જ્ઞાન મેળવ્યું હોય છતાં ગમે તે રાજકારણમાં પોતાનો અભિપ્રાય પ્રગટ કરી દે છે. અને ભલભલા રાજકાર્યધુરંધરોની આવી ભૂલ થઈ અને એ અમુક પ્રધાન આવો મૂર્ખ છે એવી ઘણી વાચાલતા કરવામાં એને શરમ લાગતી નથી. પોતે જાણે મહાપંડિત અને સર્વજ્ઞ છે એમ મનાવવા એ લલચાય છે. થોડી ધર્મક્રિયા કરે ત્યારે એ ધર્મધ્વજની પદવી ધારણ કરે છે. અને પોતાના જેવી ક્રિયા નહીં કરનારને મૂર્ખ અને અધર્મી ગણવાને તૈયાર થઈ જાય છે. અને પોતાને જ ધર્મનું જ્ઞાન થઈ ગયું છે અને બીજા બધા અધર્મી અને પાપી છે એવા વિધાનો છડેચોક કરે છે. એ બધી ઘટનાઓમાં દાંભિકતા નહીં તો બીજું શું છે?

આપણે ત્યાં કોઈ સભ્ય જણાતો ગૃહસ્થ ઉપસ્થિત થાય છે. આપણે અગત્યના કામ માટે ક્યાંય જવાનું હોય છે અને એ પોતાની વાચાલતા ચલાવતો રહે છે. એ જલદી જાય તો સારું એમ આપણે ઇચ્છીએ છીએ. છતાં એ કેમે પોતાનું બોલવું પૂરું કરતો નથી. આપણે કંટાળી ઉઠવા જેવો દેખાવ કરીએ છીએ ત્યારે પેલો સભ્યગૃહસ્થ ઔપચારિકપણું બતાવવા કહે છે કે, મેં આપનો વધુ વખત લીધો તે માટે ક્ષમા માગું છું ત્યારે શિષ્ટાચાર માટે જ આપણે તેને જવાબ આપીએ છીએ કે, કાંઇ નહીં. એમાં મને જરાપણ તકલીફ થઇ નથી. એમ કહી આપણે ચાલવા માંડીએ છીએ. એમાં પોતાના સાચા વિચારો અને સાચી ભાવનાઓ આપણે છુપાવી દંભી દેખાવ કરીએ છીએ.

વૈદ્યક કે જ્યોતિષ જેવા તદ્દન અપરિચિત વિષયોમાં પણ કેટલાએક લોકો પોતાની અક્કલનું પ્રદર્શન કરે છે અને પોતાને એમાં ખૂબ જ્ઞાન છે એમ ખોટો દેખાવ કરે છે એ દંભ નહીં તો બીજું શું? પોતાની આવડતની મર્યાદા ઓળખી દરેક પોતાના ભાષણમાં અને વર્તનમાં સંયમ રાખવો જોઇએ.

એકાદ ચારિત્રભ્રષ્ટ અને અનેક રીતે ખોટા દેખાવો કરનાર સાધુવેશધારી આવે છે અને આપણે વિધિપૂર્વક ક્ષમાશ્રમણ તરીકે એને બોલાવીએ અને સાહે-



For Private And Personal Use Only

બીજી કહી બોલાવીએ એ સ્પષ્ટ દંભ નહીં તો બીજું શું ? અને એવી રીતે ખોટું માન આપવાને લીધે એ ચારિત્રહીન માનવને વધુ ને વધુ દંભ કરવાનું ઉત્તેજન આપણે નથી આપતા શું ? કોઈ સાધુ અમુક એક વિધાન બોલી જાય અને આપણે ખાત્રી-પૂર્વક જાણતા હોઈએ કે એ વિધાન અનુચિત અને અસંગત છે, છતાં સામો જવાબ નહીં વાળતા. આપણે ચુપકીદી સેવીએ અને એ ખોટી વસ્તુને ઉત્તેજન આપીએ એ દાંભિકતા જ છે. એમ કરવાથી સ્વપરને નુકશાન જ છે એમાં શંકા નથી. મોંઢે જવાબ નહીં આપતા પાછળ નિંદા કરતા રહીએ એ આપણી નબળાઈ છે. અને એથી આપણને મોટું નુકસાન થાય છે એ ભૂલવું જોઈએ નહીં.

આપણા મનને એકાદ વિધાન ભૂલભરેલું લાગતું હોય તે સ્પષ્ટરીતે સામે બોલી બતાવવું જોઈએ. એમ કરતા આપણી ભાષા નમ્રતાપૂર્વકની અને દૃઢતાપૂર્વકની હોવી જોઈએ. જેથી માણસને ફરી વિચાર કરવાની તક મળે છે. અને પ્રસંગોપાત સાચો ઉદ્દેશ મળી આવે છે અને માન્યતામાં સમન્વય પણ સમાય છે. मनस्यन्यद्वचस्यन्यत्कार्यमन्यत् એવી સ્થિતિ રહેતી નથી. મનમાં એક હોય, બોલવામાં બીજી વસ્તુ આવે અને કરવામાં ત્રીજું આવે એ સ્પષ્ટરીતે દંભ છે. આપણી માન્યતા સ્પષ્ટરીતે બોલી બતાવવાની હિંમત દાખવવામાં ન આવે એ નરી મૂર્ખાઈ સાથે દાંભિકતા જ છે. હામાં હા મેળવવી એ સ્વત્વ ખોઈ ગુલામગીરી પ્રગટ કરવા જેવું છે. જૈનધર્મ કાંઈ એવો નમાલા જેવું રહેવાનો ઉપદેશ આપતો નથી. અમે જેમ કહીએ તેમ તમે માનો અને પોતે વિચાર કરશો જ નહીં એવી જૈનધર્મની માન્યતા નથી. આત્માને છેતરી ખોટી કબુલાત આપવી અને વગર સમજ્યે ગમે તે વસ્તુ માન્ય રાખવી એવો જૈનધર્મનો સિદ્ધાંત નથી. આપણે પણ આત્મા છીએ. આપણે સ્વતંત્ર વિચાર કરવાનો અધિકાર છે, સ્વતંત્ર મત ધરાવવાનો પણ અધિકાર છે. અને પોતાના આત્માને માન્ય થયા વગર કોઈ વસ્તુને હામાં હા મેળવવાની જરૂર નથી. અર્થાત્ દંભ સેવવાની જરૂર નથી એ સ્પષ્ટ છે, પણ સાથેસાથે એ પણ જાણી લેવાની જરૂર છે કે ઉપદેશક જે કહે તેનો ઊંડો અભ્યાસ કરી તરતમભાવ જાણી, શક્યાશક્યનો વિચાર કરી, ઉપદેશકનો હેતુ સમજી, દેશકાળનો વિચાર કરી જરૂર હોય ત્યાં પોતાના વિચારો ફેરવવા-ની તૈયારી રાખવી જોઈએ. મારું એ જ સાચું એવી માન્યતાને જ અમો દાંભિકતા કહીએ છીએ.

પ્રભુ મહાવીરે પ્રરૂપેલા ધર્મના સિદ્ધાંતોનો હેતુ અને દેશકાળાનુસાર તેમાં યોજના માન્ય રાખવાની તૈયારી રાખવી જોઈએ એની જગ્યાએ 'પીછેસે આઈ આગે ચાલી' એવી ખોટી અને દંભી માન્યતાનું સેવન કરતા રહીએ અને પોતાના આત્મવિચારોથી પણ દ્રોહ કરીએ એવી ઢોંગબાજી જૈનધર્મ ચલાવી લેવા માગતો નથી. પોતાને કોઈ મોટા ભા માને, પોતાની વડાઈ લોકોમાં ગવાય અને પોતાને લોકો પૂજ્ય ગણે એવા વિચારો રાખી જે લોકો પ્રરૂપણા કરે છે એઓ જૈનધર્મનો અને પોતાના આત્માનો પણ દ્રોહ કરે છે એ સ્પષ્ટ છે.

માટે જ અમો કહીએ છીએ કે, પોતાની ક્ષયો-પશમ શક્તિને અનુસરી વસ્તુસ્થિતિનું સાચું જ્ઞાન મેળવી તેને અનુસરી પોતાનું વર્તન રાખી દાંભિકતા-નો ત્યાગ કરવો જોઈએ. એમ કરવાથી જ આપણે સાચા માર્ગે ગતિ કરી શકીશું. એવો સાચો અને સરળ માર્ગ બધાઓને સાંપડે એવી ઈચ્છા રાખી વિરમીએ છીએ.

નવપદારાધન માટે અતિ ઉપયોગી — સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત મુદ્દાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચેતી શકે તો ચેતી લે ચેતન

લેખક : શ્રી હીરાચંદ સ્વરૂપચંદ ઝવેરી

કલ્પનાની પાંખ પર બેસી મનરૂપી આકાશમાં ઉડ્ડયન કરી સ્વપ્નોના મહેલમાં રાચતા ઓ સ્વપ્નદૃષ્ટા! કાળની થપ્પડ વાગશે, કલ્પનાની પાંખ તૂટી જશે, સ્વપ્નોનાં મહેલ વેરવિખેર થઈ જશે અને મનરૂપી આકાશમાંથી વાસ્તવિકતાની ધરતી પર તું ઢળી પડશે. એ પહેલાં ચેતી શકે તો ચેતી લે ચેતન! બાજી તારે હાથ છે.

વિષયના ધખધખતા દાનવળ તરફ આંધળી દોટ મૂકનાર ઓ અવિચારી યુવાન! જેને તું મઘમઘતા પુષ્પની શય્યા માને છે તે તો વિષ પાયેલા કાતીલ બાણોની શય્યા છે. આ ઝેરી બાણોમાં તારી જાતને હોમી દેતા પહેલાં ચેતી શકે તો ચેતી લે ચેતન! બાજી તારે હાથ છે.

ભયંકર અને ભીષણ ભવરૂપી સમુદ્રમાં જીવન-નૈયા છોડી મૂકી છે, આધિ-વ્યાધિ-ઉપાધિનો પ્રલયકારી પવન ઝંઝાવાત કરી રહ્યો છે, રાગ-દ્વેષની વીજળી ઝબકી રહી છે, મોહ-મમતાના મેઘ કડાકા અને ભડાકા કરી રહ્યા છે, અઢાર પાપસ્થાનકોનો વરસાદ જોરશોરથી વરસી રહ્યો છે, કૂડ-કપટના કાણાં દ્વારા જીવનનૈયામાં છ કષાયનું પાણી અવિરતપણે ભરાયા કરે છે, જીવન-નૈયા પ્રતિક્ષણે ભવ-સાગરમાં ડૂબી રહી છે, ચેતી શકે તો ચેતી લે ચેતન! બાજી તારે હાથ છે.

સંસારરૂપી આકાશમાં મનુષ્ય-જીવનરૂપી વિમાન ઉડ્ડયન કરી રહ્યું છે, પાપોની ઘોર કાલિમા-ભયંકર અંધકાર-ચોતરફ છવાઈ ગયો છે, પુણ્યરૂપી હોકાયંત્રની સોય તૂટી ગઈ છે, આયુષ્યરૂપી પેટ્રોલની ટાંકી ખાલી થઈ ગઈ છે, દૂર-સુદૂર સુધી કોઈ એરોડ્રમ દેખાતું નથી, સન્મુખ આવી રહેલા મૃત્યુના ભયથી નાડીની ગતિ, હૃદયના ધબકારા અને શ્વાસોશ્વાસનું પ્રમાણ વધી રહ્યું છે, ચેતી શકે તો ચેતી લે ચેતન! બાજી તારે હાથ છે.

છ કષાય, તેર કાઠીયા અને અઢાર પાપસ્થાનકરૂપી શત્રુઓ ફુંફાડા મારતા ભયંકર ઝેરી સર્પની માફક સન્મુખ ધસી રહ્યા છે, જીવન જીવવાની કોઈ બાજી દેખાતી નથી, પરાસ્ત થવાની ઘડી આવી પહોંચી છે, ચેતી શકે તો ચેતી લે ચેતન! બાજી તારે હાથ છે.

મનુષ્યભવરૂપી આરસમાંથી સત્ય અને શિયળના ટાંકણાંવડે પુણ્યની સુંદર, અણમોલ અને બેનમૂન આકૃતિ તૈયાર કરવાની ઘડી અને પળ આવી પહોંચ્યા છે, ચેતી શકે તો ચેતી લે ચેતન! બાજી તારે હાથ છે.

દસ દૃષ્ટાંતે દોહીલા અને મોંઘેરા મનુષ્ય જીવનને મેળવી, મનુષ્ય જીવનરૂપી ફળદ્રુપ બગીચામાં દાન, શિયળ, તપ અને ભાવનાનું ખાતર નાખી, જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ પ્રકાશ, પાણી અને આબોહવા દ્વારા ધર્મનું મઘમઘતું પુષ્પ ખીલવવાની સુંદર તક ફરી ફરી ન મળશે. ચેતી શકે તો ચેતી લે ચેતન! બાજી તારે હાથ છે.

સ્પર્શેન્દ્રિયના વિષયમાં ભાન ભૂલેલો વિશાળકાય હાથી મગતરા જેવા માનવીનો ગુલામ બને છે, રસનેન્દ્રિયના વિષયમાં સારાસારનો વિવેક ગુમાવનાર મચ્છ તીક્ષ્ણ કંટકવડે વીંધાઈ મૃત્યુ પામે છે. ઘ્રાણેન્દ્રિયના ભોગવટામાં લોલુપ બનનાર ભ્રમર આજીવન કેદ મેળવે છે, ચક્ષુરિન્દ્રિયના વિષયને આધીન થયેલું પતંગીયું દીપકની અંદર જીવનની આહુતી અર્પે છે, કર્ણેન્દ્રિયના વિષયમાં ભાન ભૂલેલ નિર્દોષ મૃગબાળ ક્રૂર શિકારીના તીરનો શિકાર બને છે.

એક એક ઇન્દ્રિયના વિષયના ભોગવટામાં ભાન-ભૂલેલ પ્રાણીને કરુણ રીતે મૃત્યુને આધીન થતાં તું તારી ચોગરદમ જુએ છે, તો પાંચ પાંચ ઇન્દ્રિયોના ઘોડાની લગામ છૂટી મૂકી દેતાં તારો જીવન-રથ ક્યાં જઈ અથડાશે તેનો વિચાર કરવાની મહાન તક આવી છે. આ તક ગુમાવશે તો નયનોમાંથી ગંગા-જમના અને શ્રાવણ-ભાદરવો વરસશે અને આંસુ લુછનાર પણ કોઈ નહીં મળે. ચેતી શકે તો ચેતી લે ચેતન! બાજી તારે હાથ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પુસ્તકોની પહોંચ

૧. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ—( ખંડ ૧. સાર્વજનીન સાહિત્ય ) પ્રણેતા–શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. પ્રકાશક–શ્રી મુક્તિકમલ–જૈન–મોહનમાલા–વડોદરાના કાર્યવાહક શ્રી ભાઈચંદ નગીનદાસ વકીલ, ક્રાઉન સોળ પેજી પૃષ્ઠ ૮૮+૪૬૮=૫૫૬ મૂલ્ય રૂા. ૬.

જૈન સાહિત્ય–રચયિતાઓએ ફક્ત જૈન આગમો અને દર્શનશાસ્ત્રને લગતું જ સંસ્કૃત સાહિત્ય રચ્યું છે એવો ભ્રમ ઘણા વિદ્વાનોને હતો. તે ભ્રાંતિનું નિરસન કરવાનો સાહિત્યસેવી શાંતમૂર્તિ મુનિરાજશ્રી યશોવિજયજીને વિચાર સ્ફુર્યો. તેઓશ્રીએ આ કાર્ય આપણા ગામના સુપ્રસિદ્ધ લેખક અને પ્રખ્યાત વિદ્વાન શ્રી હીરાલાલભાઈ કાપડિયાને સોંપ્યું. તેઓશ્રીએ પુષ્કળ જહેમતે આ ગ્રંથ તૈયાર કર્યો પૃષ્ઠ-સંખ્યા વિશેષ થવાથી તેના વિભાગ કરવામાં આવ્યા જે પૈકી પહેલો ખંડ પ્રસિદ્ધ થયો છે.

આ ગ્રંથમાં જૈન સાહિત્યસ્વામીઓએ અને મુનિવર્યોએ સર્વ જનભોગ્ય જે જે સંસ્કૃત કૃતિઓ રચી છે, તેની વિગતવાર પૃથક્કરણપૂર્વક માહિતી આપી છે. પોતાના ઉપોદ્ઘાતમાં લેખકશ્રીએ બહુ જ સારી રીતે આ વિષયનું દિગ્દર્શન કરાવ્યું છે તેમજ બે બોલમાં પૂજ્ય વિદ્વાન મુનિરાજશ્રી યશોવિજયજીએ પણ આ વિષયને યોગ્ય ન્યાય આપ્યો છે. શ્રી મુક્તિ–કમલ–જૈન–મોહનમાળાના અઠ્ઠાવનમા પુષ્પ તરીકે પ્રસિદ્ધ થયેલ આ ગ્રંથ ગણનાપાત્ર તેમજ આવકારદાયક છે અને સંસ્કૃત સાહિત્યના શોખીનો માટે ખાસ ભોમિયારૂપ છે.

૨. આર્હતધર્મપ્રકાશ (જૈન ધર્મ) લેખક-શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ પ્રકાશક શ્રી આત્મ–કમલ–લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર–દાદર. પૃષ્ઠ ૮૦, સુંદર આકર્ષક બાઈડીંગ.

ગુજરાતી ભાષામાં આ ત્રીજી આવૃત્તિ છે, અને વિવિધ ભાષાઓમાં આ પુસ્તકની અત્યાર સુધીમાં ૫૦૨૫૦ નકલો પ્રસિદ્ધ થઈ ચૂકી છે એ જ આ ટ્રેક્ટની ઉપયોગિતા દર્શાવી આપે છે પૂજ્ય મુનિરાજશ્રી જૈન ધર્મના પ્રચાર માટે તેમજ જૈનેતરો પણ હળવી ભાષામાં ધર્મના રહસ્યને–હાર્દને સમજી શકે તે માટે આવા સુંદર પ્રયાસો કરી જ રહ્યા છે, જે આવકારપાત્ર અને પ્રશંસનીય છે. આ પુસ્તકમાં જૈનધર્મ, આત્મા, કર્મ, જૈન સાધુ, ઈશ્વરની ઉપાસના, સ્યાદ્વાદ, ષડ્દ્રવ્ય વિગેરે વિવિધ વિષયોનો સમાવેશ કર્યો છે.

૩. **શુભનામસ્મરણસ્તોત્ર**—રચયિતા–પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય. પ્રકાશક–શ્રી જ્ઞાનોપાસક સમિતિ–બોટાદ. ફુલસ્કેપ સોળપેજી, ફારમ એક, રંગીન શાહી. મૂલ્ય બે આના.

પ્રાતઃકાળમાં જે મહાસતીઓ તથા સત્પુરુષોનું આપણે સ્મરણ કરીએ છીએ તે મહાપુરુષોનું કાવ્યમય વર્ણન આ પુસ્તિકામાં સરળ રીતે કરવામાં આવેલ છે. અંતે સોળ સતીઓની સ્તુતિ આપવામાં આવી છે જે કંઠાગ્ર કરવા યોગ્ય છે. પં. શ્રી મહારાજશ્રી નાની–નાની પણ ઉપયોગી આવી કૃતિઓ દ્વારા સારો પ્રચાર કરતા રહ્યા છે.

૪. **શ્રી તીર્થવંદના પંચાશિકા**—લેખક ને પ્રકાશક ઉપર પ્રમાણે. શ્રી રાઈપ્રતિક્રમણમાં આપણે જે "સકલતીર્થ" બોલીયે છીએ તેને જ અનુસરીને આ કૃતિ બનાવવામાં આવી છે, પચાસ કડીનું આ કાવ્ય સુંદર અને ભાવવાહી હોવાથી કંઠાગ્ર કરવા લાયક છે. પાછળ શુભ આરાધના, ખમતખામણાં અને ઉચ્ચભાવના આપી પુસ્તિકાની ઉપયોગિતામાં વધારો કરેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156

— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત.

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ગ્રાહકોને ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ ભાવાર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. અઢી રાખવામાં આવેલ છે.

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## બાર વ્રતની પૂજા અર્થ-સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઈ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

મુદ્રણસ્થાન : સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only